ગાંધીનગર સમાચાર

# ૨૦૦૭ની સરખામણીમાં ખેડબ્રહ્મામાં ૧૮.૭૬ ટકા મતદાન વધ્યુ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ૯૫ બેઠકોની ચૂંટણીમાં સાબરકાંઠાની સાત બેઠકો માટે સોમવારના રોજ મતદાન યોજાઈ ગયું. ૨૦૦૭ની સરખામણીમાં ૨૦૧૨ના મતદાનમાં ૧૮.૭૬ ટકા ટકાનો વધારો થયો છે. સાબરકાંઠા જિલ્લામાં બાયડ અને ખેડબ્રહ્મા મતદાનની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા વિજયનગર વિધાનસભામાં ૨૦૦૭ની ચૂંટણીમાં ૫૬.૨૫ ટકા મતદાન નોંધાયું હતું. ત્યાં ૧૮.૭૬ ટકાના વધારા સાથે ૭૫.૦૧ ટકા મતદાન થયું છે. જે ખેડબ્રહ્મા માટે રેકોર્ડબ્રેક મતદાન છે. બાયડમાં ૨૧.૦૫ ટકા મતદાન વધ્યુ છે. પણ નવા સીમાંકનમાં મેઘરજ બેઠક રદ થતાં મેઘરજ બેઠકનો કેટલોક ભાગ ભિલોડામાં અને માલપુર તાલુકા સહીતનો કેટલોક ભાગ બાયડ બેઠકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી બાયડ વિધાનસભામાં મતદાન વધ્યુ છે. આમ સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મામાં સૌથી વધુ ૧૮.૭૬ ટકા મતદાન વધ્યું છે.

ખેડબ્રહ્માના ૨૭૮ મતદાન મથકોમાંથી સૌથી વધુ મતદાન ૧૩૩ નવા નાના મથકમાં૯૬.૩૬ ટકા તથા સૌથી ઓછુ ૨૩૪ લાંખરા-૧માં ૫૨.૫૫ ટકા મતદાન નોંધાયું છે. ખેડબ્રહ્મામાં સ્ત્રી મતદારો કરતાં પુરૂ, મતદારોની મતદાની ટકાવારી ઉંચી છે. ખેડબ્રહ્મામાં ૭૬.૪૫ ટકા પુરૂષ મતદારોએ અને ૭૩.૪૯ ટકા સ્ત્રી મતદારોએ મતદાન કર્યું છે. ૧૦૦૯૭૯ પુરૂષ મતદારોમાંથી ૭૭૧૯૪ પુરૂષ મતદારો અને ૯૫૨૩૮ સ્ત્રી મતદારોમાંથી ૬૯૯૮૮ સ્ત્રી મતદારોએ પોતાના મતનો ઉપયોગ કર્યો છે.

## ખેડબ્રહ્માના સાલેરા ગામે ભેંસની ચોરીનો વહેમ રાખી એકની હત્યા

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સાલેરા ગામમાંથી ચોરાયેલી ભેંસ અંગે ગામના એક ઈસમ પર વહેમ રાખી બે ઈસમોએ ભેગા મળી સોમવારના રોજ બપોરના સુમારે એક ઈસમની છરી વડે ઘા કરી હત્યા કરી નાખતા પોશીના પોલીસ મથકે હત્યા કરાયેલની પત્નીએ ફરિયાદ નોંધાવતા પોલીસે બે ઈસમો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ સાલેરા ગામે રહેતા બચુરાભાઈ મેગાભાઈ ગમારની ભેંસ આશરે ચાર-પાંચ દિવસ અગાઉ ચોરાઈ ગયેલ જેની તપાસ કરતા મળી આવેલ નહિ જેથી બચુરાબાઈ મેઘાભાઈ ગમાર અને મનાભાઈ મેગાભાઈ ગમારને ગામમાં રહેતા કાન્તુભાઈ રૂપાભાઈ ગમારે ભેંસ ચોરી કરી લઈ ગયેલ છે તેવો વહેમ જતા બંને ભાઈઓએ ભેગા મળી સોમવારના રોજ બપોરના ૧૨ વાગેના સુમારે કાન્તુભાઈના ઘર તરફ ગયેલ જ્યાં રસ્તામાં કાન્તુભાઈ તેમની પત્ની સોમાબેન સામે બંને જણાએ મા બેન સામું ગાળો બોલીને મનાભાઈ ગમારે કાન્તુભાઈ ગમારને પકડી રાખેલ જ્યારે બચુરાભાઈએ પોતાના પાસેની છરી કાઢી કાન્તુભાઈ ગમારના પેટના અને પીઠના ભાગે ઘા કરી ગંભીર ઈજાઓ કરી હતી. દરમિયાન વચ્ચે સોમાંબેન વચ્ચે પડતા ગળુ પકડી નીચે પાડી દઈ બંને જણા નાસી ગયેલ જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત કાન્તુભાઈ ગમારને સારવાર માટે તાત્કાલિક લઈ જતા રસ્તામાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે પોશીના પોલીસમથકે હત્યા કરાયેલની પત્ની સોમાબેન ગમારે ફરિયાદ નોંધાવતા પોશીના પીએસઆઈ એસ.એન. રોહિતે બે ઈસમો વિરૂદ્ધ ઈપીકો-૩૦૨, ૩૨૩, ૫૦૪, ૧૧૪ બીપીએક્ટ-૧૩૫ મુજબ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર અહેમદ ઉલ્લા, મોડાસા)



મનુષ્યની ફાસ્ટ લાઈફ તથા અનિયમિત જીવન શૈલી તેમજ બદલાતા સ્વભાવની જેમ જાણે કુદરતે પણ પોતાનો મીજાજ બદલ્યો હોય તેવું પ્રસ્તુત તસવીર ઈડર તાલુકાના નવા રેવાસ ખાતે આવેલ એક ખેડૂતના ખેતરમાં વિશાળકાય આંબાના વૃક્ષ ઉપર વગર ઋતુએ ઘનઘોર મોર બેઠો છે તે જોતા આશ્ચર્ય થાય છે.

## ચાંદરણી ગામે જુની અદાવત અને દારૂની માંગણી કરતા મારામારી

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકાના ચાંદરણી ગામે સોમવારના રોજ સાંજે ૭ વાગ્યાના સુમારે નજીવી બાબતે ગામના જ બે પરીવાર વચ્ચે બોલાચાલી થતાં મારામારીના દશ્યો સર્જાયા હતા. જે બાદ ગાંભોઈ પોલીસમથકે ફરીયાદ નોંધાતા પોલીસ ત્રણ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ચાંદરણી ગામે સોમવારના રોજ સાંજે ૭ વાગ્યાના સુમારે ગામના મિતેશભાઈ રામાભાઈ ચૌહાણ, ભલાજી ભીખાજી ચૌહાણ અને મોતીજી કેશાજી ચૌહાણ આ ત્રણે જણાએ ગામના વિપુલભાઈ સાથે અગાઉની બોલાચાલી બાબતની અદાવત રાખી તેમજ દારૂની માંગણી કતાં ભલાજીએ વિપુલભાઈને ગદડાપાટુનો માર મારી ડાબા પગના પંજાના નીચેના ભાગે કુહાડી મારી હતી ત્યારે મોતીજીએ ડાબી આંખ પર લાકડી મારી ઈજાઓ કરી હતી. આ અંગે ગાંભોઈ પોલીસમથકે ફરીયાદ થતાં પોલીસે ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વિધાનસભા ચૂંટણી અંગેની ગણતરી ઉંધી પડવાની બીકે બુકીઓ દ્વારા ત્રણ-ચાર દિવસથી સોદાઓ લેવાનું બંધ

અમદાવાદ, તા. ૧૮

રાજયમાં જયારથી ચુંટણીઓની જાહેરાત થઈ છે ત્યારથી સટ્ટા બજારમાં મોદી સરકાર બનાવશે તેવું વાતાવરણ હતું, પણ પ્રથમ તબક્કામાં તેમનાં અનુમાન કરતા વધારે મતદાન થયું. ત્યારબાદ બુકીઓ મુંઝાઈ ગયા હતા અને તેમને ગુજરાતનાં પરિણામો કોઈ ઉથલપાથલ સર્જશેની ભીતિ સતાવતી હોવાને કારણે છેલ્લા ચાર દિવસથી સટ્ટા બજારમાં સોદાઓ લેવાનું બંધ કરાયુ હતું. તેમાંય હાલમાં જેમ ભારે મતદાને તમામને માથા ખંઝવાળતા કર્યા છે તેમ બુકીઓમાં પણ સન્નાટો વ્યાપી ગયો છે.

ત્રણ- ચાર દિવસથી સટ્ટા બજારમાં રોજ રોજ નવા ભાવ આવે છે પણ સોદા બંધ છે. આવી સ્થિતિ ત્યારે પ્રવર્તે જ્યારે બુકીઓ પોતે પણ કોઈ ચોક્કસ અનુમાન ના કરી શકતા હોય અને હારવાની સ્થિતિ સર્જાય ત્યારે તેઓ સોદા બંધ કરી દેતા હોય છે. વિધાનસભા ચૂંટણીનું બીજા તબક્કાનું મતદાન ગઈકાલે સાંજે પૂરું થયું ત્યાર બાદમાં એક્ઝિટ પોલ દ્વારા ભાજપની ૧૨૫ સીટ આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે કોંગ્રેસને ૫૦ સીટ મળશે તેવું તારણ બહાર આવ્યું હતું.

આ તારણ વચ્ચે બુકીઓએ ભાજપની ૧૧૬, કોંગ્રેસની ૫૦ અને જીપીપીની ૪ સીટ આવશે તેવી જાહેરાત કરી હતી. બુકી અને એક્ઝિટ પોલનાં તારણો મળતાં આવે છે, છતાં પણ અંદરખાને ફફડાટ અનુભવતા બુકીઓને ગણતરી ઊંધી પડશે તેવો ડર લાગતા ચાર દિવસથી વેપાર બંધ કરી દીધો હતો. કોંગ્રેસ પર ખેલીઓએ કરોડો રૂપિયાનો વેપાર કર્યો હોવાથી બુકીઓ રિઝલ્ટના દિવસે કોંગ્રેસની ૭૫થી ૮૫ સીટ આવે તો બુકીઓને અબજો રૂપિયાનું વલણ ચૂકવવાનો વખત આવે તેવી સ્થિતિ છે. આથી વધુ કફોડી હાલત ના થાય તે માટે બુકીઓએ ચાર દિવસથી વેપાર બંધ કરી દીધો છે. બુકીઓએ ભાજપની સીટ દાવ લગાવતા ખેલીઓના સોદા લેવાનું ચાલુ રાખ્યું છે. જેથી બંને તરફે સરભર કરી શકાય અને નુકસાનમાંથી બહાર આવી શકાય તેવા પ્રયાસ તેઓ કરી રહ્યા છે.

બીજી તરફ જીપીપીની ૪ ચાર સીટનો ભાવ ખોલનાર બુકીઓનું અંદરખાને એવું અનુમાન છેકે, જીપીપી પ્રથમ તબક્કાના મતદાનમાં સૌરાષ્ટ્રમાં આઠથી દસ સીટ લઈ જાય તેમ છે. તો બીજી તરફ મહુવા અને તેની આસપાસની સીટ પર ભાજપના માજી ધારાસભ્ય કનુ કલસરિયાની સદભાવ પાર્ટી ચારમાંથી ત્રણ સીટ લઈ જાય તેવું અનુમાન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત જીપીપી પાર્ટી બીજી ૧૫ સીટ પર સૌરાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીને નુકસાન કરશે તેવી એક હવા ચાલી છે. આ અનુમાનો સાચા પડે તો સૌરાષ્ટ્રમાં ગત ચૂંટણીમાં ૫૨માંથી ૪૦ સીટ મેળવનાર ભાજપને ૨૬ સીટ પર નુકસાન જાય તો ૧૧૩માંથી ભાજપ ૪૦ની જગ્યાએ માત્ર ૧૦ સીટ મેળવી શકે તેમ છે. આ સ્થિતિ સર્જાય તો બુકીઓને અબજોનો ફટકો પડે તેમ છે.

## સમાચાર ઝલક

- ડિઝલના ભાવમાં વધારો કરી એલપીજીની સબસીડી સરભર કરાશે.
- નવા વર્ષથી રેલ્વે યાત્રા મોંઘી થશે.
- મારો પુત્ર નરેન્દ્ર વડાપ્રધાન બનશે : હીરાબા
- કસરત જીવનમાં પાંચ વર્ષ વધારે છે, સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ કસરત જરૂરી.
- એક સાથે બે વર્ષ માટે વાહન માલિકો ઇન્સોરન્સ ઉતરાવી શકે તેવી વિચારણા.
- સસ્તા વિદેશી પ્રવાસો ફરી મોંઘા થતાં નાતાલમાં પ્રવાસીઓનો ક્રેઝ ઘટ્યો.
- વાર્ષિક ૬ લાખથી વધુ આવક ધરાવનારારને સબસીડી સિલિન્ડર નહીં મળે.
- સબસીડી જમા થવા બાબતની જાણ અર્થે કેશ ટ્રાન્સફર યોજવામાં સ્માર્ટ ફોન મફત અપાશે.
- સીંગતેલમાં બેફામ તેજી રૂા. ૨૨૧૦નાં ટોચનાં ભાવે પહોંચ્યો.
- ઝી ટી.વી.નાં સંપાદકો જામીન પર છૂટ્યાં.
- ધ્યાન કેન્દ્રીત કરવાથી શરતી, તાવ દૂર થાય છે.
- બ્રાહ્મણોને આર્થિક આધારે અનામત મળે તેવો સંસદમાં પ્રશ્ન રજૂ કરાશે.
- સાક્ષીઓ ફરી જાય તો હવે સજા થશે, ગૃહ મંત્રાલય નવો કાનૂન બનાવશે.
- મિસ યુનિવર્સ ૨૦૧૨ પ્રતિયોગિતામાં શિલ્પાસિંહ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- દેશની મોટા ભાગની યોજનાઓ નહેરૂ-ગાંધી પરિવારનાં નામે.
- નરેન્દ્ર મોદીની સટ્ટા બજારમાં પણ બલ્લે બલ્લે.
- સોમનાથમાં ૧૧ લાભ હનુમાન ચાલીસાના અને ૨૭ કુંડાત્મક શ્રી હનુમાન મહાયત્રનો મંગલારંભ.
- ગુજરાતમાં શહેરો કરતાં ગામડાઓમાં મોંઘવારી છપ્પરફાડ.
- ૧૪મી જાન્યુઆરીથી અલ્હાબાદમાં કુંભમેળો શરૂ થશે, ૭૫૦ વધુ ટ્રેનો દોડાવાશે.

## ખેડબ્રહ્મા તાલુકાનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ગુજરાત રાજ્ય શાળાકીય અંડર-૧૪ ભાઈઓની યોગાસન સ્પર્ધામાં સાબરકાંઠા જિલાની શાળાકિય ટીમ તરફથી ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ પ્રા. શાળાના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રાજ્યની શાળાકીય યોગાસન સ્પર્ધામાં રાધીવાડા પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી ગુજરાત રાજ્યમાં પંડ્યા ધ્રુવકુમાર મિલીનકુમાર રાજ્યમાં બીજો અને રહેવર સાવનસિંહ શીવસિંહ ત્રીજો નંબર પ્રાપ્ત કરી રાષ્ટ્રકક્ષાની શાળાકીય ૫૮મી યોગાસન સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદ થયા છે. તે બન્ને વિદ્યાર્થી તા. ૨૦ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર સુધી સુરત મુકામે દસ દિવસ યોગનું આસન પ્રાણાયમ સૂર્યનમસ્કારનું કોચીંગ લઈ ૩૦ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી-૨૦૧૩ સુધી રાષ્ટ્રકક્ષાની યોગાસન સ્પર્ધામાં ભાગ લેવા દિલ્હી મુકામે જવાના છે. જેમણે તાલીમ આપનાર સાબરકાંઠા જિલ્લાના યોગા કોચ ખેર મનહરસિંહને આશા છે કે તે બન્ને વિદ્યાર્થી રાષ્ટ્રકક્ષાએ સારા સુંદર આસન કરી મેડલ મેળવશે અને ગુજરાત રાજ્ય અને ખેડબ્રહ્મા તાલુકાનું ગૌરવ વધારે તેવી આશા વ્યક્ત કરી છે.



સેટેલાઈટમાં હત્યા કેસના સંબંધમાં મહિલા આરોપીને પ્રેસ સમક્ષ રજુ કરવામાં આવી હતી.

### મહિલાઓ કરતાં પુરુષોએ વધુ મતદાન કર્યું

## બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ૭૧.૮૫ ટકા મતદાન

### સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ મતદાન ૭૫.૫૬ ટકા કચ્છ જિલ્લામાં સૌથી ઓછું મતદાન ૬૭.૭૭ ટકા થયુ

અમદાવાદ, તા. ૧૮

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૨ના બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે તા. ૧૭.૧૨.૨૦૧૨ના રોજ ૭૧.૮૫ ટકા મતદાન થયું છે. જે પૈકી ૭૩.૫૫ ટકા મતદાન પુરુષોએ કર્યું છે જ્યારે ૭૦.૦૧ ટકા મતદાન મહિલા મતદારોએ કર્યું છે. કુલ ૭૯ અન્ય મતદારો પૈકી ૧૨ એટલે કે ૧૫.૧૯ ટકા અન્ય મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે, એમ મુખ્ય નિર્વાચન અધિકારીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે. સૌથી વધુ ૭૫.૫૬ ટકા મતદાન સાબરકાંઠા જિલ્લામાં થયું છે. જ્યારે સૌથી ઓછું ૬૭.૭૭ ટકા મતદાન કચ્છ જિલ્લામાં થયું છે. જિલ્લાવાર મતદાનની ટકાવારી નીચે પ્રમાણે છે.

| જિલ્લાનું નામ | પુરુષ મતદાર% | મહિલા મતદાર% | કુલ મતદાર% |
|---|---|---|---|
| કચ્છ | ૬૮.૭૫ | ૬૬.૭૦ | ૬૭.૭૭ |
| બનાસકાંઠા | ૭૭.૮૧ | ૭૧.૭૦ | ૭૪.૮૯ |
| પાટણ | ૭૨.૩૬ | ૬૯.૩૫ | ૭૦.૯૨ |
| મહેસાણા | ૭૫.૧૩ | ૭૨.૦૪ | ૭૩.૬૪ |
| સાબરકાંઠા | ૭૬.૯૪ | ૭૪.૦૮ | ૭૫.૫૬ |
| ગાંધીનગર | ૭૬.૫૪ | ૭૨.૨૨ | ૭૪.૪૫ |
| અમદાવાદ | ૭૦.૧૬ | ૬૬.૭૯ | ૬૮.૫૬ |
| આણંદ | ૭૭.૦૭ | ૭૨.૫૦ | ૭૪.૮૯ |
| ખેડા | ૭૫.૧૮ | ૬૮.૯૦ | ૭૨.૧૭ |
| પંચમહાલ | ૭૧.૬૯ | ૭૧.૨૬ | ૭૧.૪૮ |
| દાહોદ | ૬૮.૬૯ | ૬૮.૨૮ | ૬૮.૪૮ |
| વડોદરા | ૭૪.૨૪ | ૭૦.૧૫ | ૭૨.૨૭ |
| કુલ | ૭૩.૫૫ | ૭૦.૦૧ | ૭૧.૮૫ |



તુલસી પ્રજાપતિ કેસમાં રાજકુમાર પાંડિયન, દિનેશ અને અન્યોને સીબીઆઈની કોર્ટમાં મુંબઈ પોલીસ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.

## હવે બ્રાઝિલમાં અમદાવાદના હિરા વેપારીઓની અટકાયત

### હિરા કારોબારી અમદાવાદ, સુરત, મુંબઈ અને જયપુરના હોવાના અહેવાલ : અટકાયતમાં લેવાયેલાની પુછપરછ

અમદાવાદ, તા.૧૮

બ્રાઝિલમાં હવાલાકાંડના સંબંધમાં કાચા અને રફ હિરાની નિકાસ કરતા અમદાવાદ અને સુરત સહિતના શહેરોના ૨૫થી વધુ વેપારીઓની અટકાયત કરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો છે.

મળેલી માહિતી મુજબ કાચા અને રફ હિરાની નિકાસ કરતા બે ડઝનથી વધુ ભારતીય હિરા વેપારીઓની બ્રાઝિલમાં અટકાયત કરી લેવામાં આવી છે. અટકાયતમાં લેવામાં આવેલા હિરા વેપારીઓની આકરી પુછપરછ હાથ ધરવામાં આવી છે. અટકાયત કરવા પાછળ કારણો આપતા બ્રાઝિલ સરકારે એવી દલીલ કરી છે કે ભારતના હિરાના કારોબારીઓ કાયદાનો ભંગ કરીને હવાલાના કારોબારમાં સંડોવાયેલા છે. હિરાના આ કારોબારીઓ મોટાભાગે મુંબઈ, જયપુર, અમદાવાદ અને સુરતના હોવાનું જાણવા મળ્યુ છે.

આ વેપારીઓ બ્રાઝિલમાં ઘણા બધા નાના અને મોટા કારખાનામાં હિરાના કટિંગ અને પોલીસીંગ કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં હિરાનો જથ્થો પહોંચાડે છે. હિરાના કટિંગ અને પોલીસીંગ કારોબારો મોટાપાયે ચાલે છે. સુરતને આમા મોટા હબ તરીકે ગણવામાં આવે છે. મળતી માહિતી મુજબ બ્રાઝિલની ગુપ્તચર સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ દ્વારા કારોબારીઓ પર છેલ્લા ઘણા સમયથી નજર રાખવામાં આવી રહી હતી.

કાચા હિરા બ્રાઝિલની બહાર મોકલવા માટે જરૂરી પ્રમાણપત્ર મેળવવાની બાબતને બ્રાઝિલમાં મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. એવી ફરિયાદ છે કે ઘણા ભારતીય કારોબારીઓએ ખોટીરીતે આ પ્રકારના પ્રમાણપત્ર મેળવી લીધા હતા. સાથે સાથે આયાત અને નિકાસ માટે અયોગ્ય રસ્તો અપનાવવામાં આવી રહ્યો હતો. બ્રાઝિલે આની નોંધ લઈને આ પ્રકારના કારોબારાં સંડોવાયેલા તમામની અટકાયત કરી લીધી છે.

## હિંમતનગરના શાંતિનગર ખાતે બે ઈસમોએ ચોકીદારને ઢોર માર માર્યો

હિંમતનગર, તા.૧૮

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ શાંતિનગર સોસાયટી-૨માં ગત મોડી રાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ અગમ્ય કારણોસર એક ચોકીદારને લાકડી અને ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી છૂટયા હતા. આ મામલે ચોકીદારે હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરના મહાવીર નગરમાં સ્થિત શાંતિનગર-૨માં ગત રોજ રાત્રિના ત્રણ વાગ્યાના સુમારે કોઈ બે જેટલા અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર ચોકીદાર કેશરસિંહ હરિકૃષ્ણ કુંવરને લાકડી અને ગડદાપાટુનો માર મારી ગંભીર રીતે લોહી લુહાણ કરી નાખ્યો હતો. અને બાદમાં ત્યાંથી નાસી છૂટયા હતા. આ મામલે ચોકીદારે હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર ઈસમોને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.